


## સલામી સવારની..

સ્વાર્થી સત્તા ભૂખે પક્ષ છિન્ન-ભિન્ન થઈ ગયો છે,
વ્યક્તિગત મહત્વાકાંક્ષામાં ખિન્ન થઈ ગયો છે,
વિછિન્ન થયો મુખ સુધી આવેલો અમૃત પયાલો -
'ગાંધી-કોંગ્રેસ' - ની ઓળખથી ભિન્ન થઈ ગયો છે...
('કોંગ્રેસ'ના હાલ-હવાલ)

હાઈકુ

બિમાર અને
સુસ્ત નેતૃત્વ છે -
પથારીવશ!
(કોંગ્રેસમાં ઉત્સાહનો અભાવ)

'અમૂલ્ય સભા'
સભ્યોનાં અંકાય મૂલ્યો -
મરે છે મૂલ્યો!
(વેંચાય આત્મા)

## ચિંતન

સ્વર્ગસ્થાનમ્ ન શાશ્વતમ્ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સ્વર્ગ શાશ્વત નથી.

સ્વર્ગ મળે તો પણ વ્યક્તિ ત્યાં શાશ્વતકાળ સુધી રહી શકતી નથી. એના શુભ કાર્યો કર્મોનું પુણ્ય જયાં સુધી ટકેલું હોય છે ત્યાં સુધી જ તે સ્વર્ગમાં રહી શકે છે. પુણ્ય પરવારી જતાં તેને ફરી મનુષ્ય જન્મ લેવો પડે છે.

માણસને કરેલા કર્મો (સત્કર્મો કે દુષ્કર્મો)નું ફળ ભોગવવું જ પડે છે. પુણ્ય ફળે મળેલું જીવન 'સ્વર્ગ' કહી શકાય - દુષ્કર્મો ને પરિણામે મળેલો જન્મ 'નર્ક' કહી શકાય - જયાં સુધી મોહ-માયા-મમતા-વાસના-ઈચ્છાઓ અધૂરી રહે ત્યાં સુધી જન્મ-મરણનું આ ચક્ર ચાલુ જ રહેવાનું માણસ નિર્મોહી - અકર્મી થાય ત્યારે જ તેનો મોક્ષ-મુક્તિ મળે છે.

## સુવિચાર

- ચાહે મુસલમાન ને રોજા રખ્ખા, ચાહે હિન્દુને ઉપવાસ રખ્ખા, કુબુલ ઉસકા હુઆ જીસને, માબાપ કો અપને પાસ રખ્ખા - **અખંડ આનંદ**
- જેનો સ્વભાવ સારો હોય તેણે પ્રભાવ પાડવાની કયારેય જરૂર પડતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- રાસ્તે કહાં ખત્મ હોતે હૈ જીંદગી કે સફર મેં, મંઝીલ તો વહીં હૈ જહાં, ખ્વાહીશે થમ જાયે - **દાગ દહેલવી**
- જયારે જીવનમાં સાવ એકલા પડી જાવ ત્યારે પોતાની જાતને શોધી લો કેમ કે અસલી જીવન શું છે એ તરત સમજાઈ જશે - **ડો. રહીશ મણીયાર**
- યોગ્ય સમયે પીધેલા કડવા ઘુંટ જિંદગીને મીઠી બનાવે છે - **સંત રોબિન**
- અહમ્ અને ફાંદ ના નડે તો જ બે વ્યક્તિઓ ભેટી શકે - **ફેસબુક**
- આજનું ઔષધ : પીપળાના તાજા ત્રણ પાન આગળ પાછળના ખૂણા કાપી ફેંકી દેવા. બચેલા પાન ચાવી ચાવીને ખાવાથી લોહી સાફ થાય છે તથા કોલેસ્ટ્રેલ કાબૂમાં આવે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે.' ઈશ્વરની ઈચ્છાથી બધું થાય છે. તેની ઈચ્છા વિના પાંદડું પણ ન હાલી શકે. આપણે અજ્ઞાની બકરા જેમ 'મેં - મેં' જ કરીએ છીએ.

લોકસેવા માટે છત્રપતિ શિવાજી એક બંધ બાંધવાનું આયોજન કરી રહ્યા હતા. અનાવૃષ્ટિના સંકટમાંથી બચાવવા અને હજારો ગરીબોને રોજી આપવા આ શુભ કાર્ય કરી રહ્યા હતા.

એક દિવસ બંધના સ્થળે પહોંચ્યા જોયું તો હજારો મજૂરો શ્રમ કરતાં હતા, મનમા શિવાજીને અહંકાર આવ્યો, 'કેટલા બધાં ગરીબોને હું સહાય કરું છું.' આ બધાનું ભરણપોષણ મારા લીધે શક્ય બન્યું છે.

એ વખતે રામદાર ગુરુ એમની સાથે હતા. શિવાજીએ ગર્વ સાથે ગુરુને આ સકાર્યની વાત કરી. ગુરુ ચૂપ રહ્યા. પરંતુ બીજે દિવસે શિવાજીએ એક પથ્થર બતાવીને કહ્યું, 'આ પથ્થર તોડી નાખો.'

શિવાજીએ પથ્થર તોડ્યો. એમાં એક નાનકડો ખાડો દેખાયો. એ ખાડામાંથી એક નાનો દેડકો કુદકો મારી બહાર આવ્યો. રામદાસે કહ્યું, 'મને લાગે છે કે આ દેડકાના ભરણપોષણની વ્યવસ્થા પણ તમે જ કરી હશે. નહીં?'

શિવાજી શરમાઈ ગયા. એમના અહંકારના ચૂરેચૂરા થઈ ગયા. રામદાસ ગુરુને ચરણે પડી માફી માગવા લાગ્યા. શ્રેયનો માર્ગ શ્રેષ્ઠ છે. તેના માટે અહંકારનો ત્યાગ કરી નમ્રભાવે સદ્કાર્ય કરવાં જોઈએ.

# શતમુખ વિનિપાતના સંકેત

તંત્રીસ્થાનેથી...

વિવિધ નુસખા અજમાવીને સત્તા કબજે કરવાની કળા રાજકારણીઓને શીખવવી પડતી નથી. કોંગ્રેસ એના શાસનકાળમાં આવા અનૈતિક નુસખા અજમાવી એ રીતે વિવિધ રાજયોમાં સત્તા મેળવ્યાના અને ટકાવ્યાના દાખલા અરુણ જેટલીએ આપ્યા કે પછી ભાજપે ગોવા અને મણિપુરમાં સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છતાં રાજયપાલો દ્વારા સરકાર બનાવવા માટે નિમંત્રણ નહીં મળ્યું એનાં કોંગ્રેસી રોદણાં ને ખુદ સુપ્રીમ કોર્ટ સ્વીકારવા તૈયાર નથી. અલબત્ત, આ રીતે કેન્દ્રમાં શાસન હોવાનો ગેરલાભ લઈ બહુમતી મેનેજ કરી લેવામાં નૈતિકતાનો હ્રાસ તો વરતાય જ છે. પરંતુ પી.વી. નરસિંહ રાવે પાંચ વર્ષ સુધી લઘુમતી સરકાર ટકાવી હતી તે શું આવું જ અનૈતિક વ્યવસ્થાપન નહોતું ? બલકે મત ગણતરી પૂર્વે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આવા જ અનૈતિક ગઠબંધન દ્વારા સત્તા મેળવવાની તૈયારી દાખવેલી તે યાદ આવ્યા વિના નહીં રહે. ભાજપ સૌથી મોટો પક્ષ તરીકે ઉપસી આવે તો પણ જરૂર પડ્યે સપા-કોંગ્રેસ સામે ચાલીને બસપાને ટેકો મેળવી સત્તા ટકાવવા ઈચ્છુક હતા. ઝારખંડમાં શિબુ સોરેનના નેતૃત્વ હેઠળ આવી રીતે જ અગાઉ સત્તા હાંસલ કરાયેલી. મૂળ વાત એ કે રાજકારણમાં નૈતિકતાને કોરાણે મૂકીને સત્તા ઉપર કેવી રીતે ચડી બેસાય તે જ અગત્યનું બની ગયું છે. આદર્શો ફક્ત ગ્રંથોમાં જ દબાઈ ગયા છે અને સત્તા ખાતર છેલ્લા પાટલે બેસવું પડે તો પણ એમાં કંઈ જ ખોટું નથી એવું બધા જ પક્ષોએ સ્વીકારી લીધું છે. બિહારમાં લાલુ-નીતીશ વચ્ચેનું ગઠબંધન એનું જ્વલંત ઉદાહરણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ યેનકેન પ્રકારેણ આખા દેશ પર કેસરિયો ઝંડો ફરકાવવા કૃત સંકલ્પ છે. પોતાના આ સંકલ્પને પાર પાડવા માટે મૂલ્યો સાથે સમાધાન કરવામાં પણ એમને કોઈ જ વાંધો નથી નડતો. એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર. રાજકારણ એ સત્તા માટેની લડાઈ છે અને લડાઈમાં તો જીત્યો એ જ સિકંદર ગણાશે. અત્યારે નરેન્દ્ર મોદી રાષ્ટ્રના ચક્રવર્તી સમ્રાટ બની ગયા છે. ભાજપ જયાં સ્વપ્ને પણ પગપેસરો નહોતું કરી શકવાનું એવા ઉત્તરપ્રદેશમાં અરુણાચલ, આસામ અને મણિપુર પર એણે સત્તા જમાવીને પોતાની વિજિગીષાનો પરચો બચાવી દીધો છે. ગોવામાં અલગ પાર્ટી બનાવી ચૂંટણી લડેલા નારાજ જૂથને સાચવી લેવા માટે સર્વમાન્ય અને સ્વચ્છ ઈમેજ ધરાવતા નેતાને કેન્દ્રમાંથી 'ડેપ્યુટેશન' પર મુખ્યમંત્રી પદ સંભાળવા મોકલી આપવા પડ્યા છે તો વળી મણિપુરમાં પૂર્વ કોંગ્રેસી નેતાને જ મુખ્યમંત્રી બનાવવા પડ્યા છે. આ બધાં સમીકરણો પાછળ રહેલું સત્તાકારણ વરવું અને વખોડવાપાત્ર ગણાવું જોઈતું હતું. પરંતુ હવે નૈતિકતાવાળો નજરિયો જ હાંસિયે ધકેલાઈ ગયો છે. અલબત્ત આ નૈતિક વિનિયોગનો પ્રારંભ કોંગ્રેસી શાસનકાળમાં જ થઈ ચૂક્યો હોઈ એના નેતાઓનું અરણ્ય રૂદન કોઈ જ સાંભળવાનું નથી. દેશના ધુરાવાહકો જયારે સત્તાલક્ષી બની જાય ત્યારે કાળક્રમે શતમુખ વિનિપાત જ સરજાતો હોય છે. નિયતિના ગર્ભમાં શું હશે તે આપણે જાણતા નથી; પરંતુ વિકાસની ઝાકઝમાળ પાછળ જે સત્તાભૂખ છુપાયેલી છે એ લોકશાહી સામેની ખતરાની ઘંટડી છે, એ નક્કી!

# આદિત્ય રહે હૃદયમાં!

શ્રીરામના રાવણ ઉપરના વિજયનું સાચું રહસ્ય એક સૂર્યસ્તુતિમાં રહેલું છે 'આદિત્ય હૃદય સ્રોત'. કોઈ પણ અનિષ્ઠનિવારણ અથવા ઈષ્ટપ્રાપ્તિ માટે આનો ઉપયોગ થઈ શકે.




વાલ્મિકીના રામાયણમાં આનો સમાવેશ છે. ઋષિ અગસ્ત્ય આનો કવિ છે, પ્રવક્તા છે, ૩૧ શ્લોકની આ સ્તુતિમાં છંદ અનુષ્ટુપ છે - સ્તુતિને અનરુપ છે :

રામ હવે યુદ્ધમાં થાકી ગયા હતા. સામે રાવણ ઊભો હતો, તે હારતો ન હતો; તેની એને ચિંતા હતી. આથી ઋષિ અગત્સ્ય દેવોને સાથે રાખીને રણભૂમિ ઉપર આવ્યા. અગત્સ્યે રામને કહ્યું,

'હે વત્સ! હવે હું તને એક રહસ્ય કહું છું. એને આધારે તું બધા શત્રુઓને જીતી શકીશ. એ આદિત્યહૃદય નામનું સ્તોત્ર છે.આ પવિત્ર સ્તોત્ર શત્રુવિનાશક તો છે જ, ઉપરાંત બધી રીતે કલ્યાણકારક છે. વિજય તો અપાવે છે, પાપનો નાશ કરે છે, ચિંતા-શોક મટાડે, આયુષ્ય વધારે એવું આ ઉત્તમ સ્રોત છે.'

એટલે તું આ સૂર્યની પૂજા કર.

બધા દેવોનો આત્મા એ જ છે. આ દેવ પોતાના કિરણોથી દેવલોક સહિતના બધા લોકનું પાલન કરે છે.

આ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. એ સેંકડો નામે ઓળકાય છે. આદિત્ય, સવિતા, સૂર્ય, પૂષન્, ભાનુ, દિવાકર, શંભુ, અંશુમાન, તપન, ભાસ્કર, રવિ, અગ્નિ-ગર્ભ, અદિતિપુત્ર, શંખ, વ્યોમનાથ, તમો ભેદ, ઘનવૃષ્ટિ, આતપી, સર્વતાપન, કવિ, નક્ષત્ર-ગ્રહ-કતારા-અધિપ. એ સૌથી વધુ તેજસ્વી છે.

હે બાર સ્વરુપ વાળા! તમને નમસ્કાર.

પૂર્વ દિશાના ઉદળાચળને પ્રમાણ. પશ્ચિમ દિશાના અસ્તાચળને પ્રણામ.

પ્રણામ - જયોતિષ્યતિને, દિનાધિપતિને, સહસ્રાંશુને, આદિત્યને, ઉગ્રને, વીરને, પદ્મપ્રબોધને, પ્રચંડને, દેવને, અંધકારના નાશકને શત્રુના હરનારને, લોકના સાક્ષીને.

આ પ્રભુ દરેક પ્રાણીનો નાશ કરે છે અને સર્જે છે. પોતાના કિરણોથી પાલન કરે છે, તાપ આપે છે અને વર્ષો આપે છે. બધા સૂતા હોય ત્યારે એ જાગે છે. યજ્ઞ પણ આ જ છે અને યજ્ઞોનું ફળ આ જ છે.આ લોકોમાં જે કાંઈ સત્કર્મ છે, એનું કારણ છે.

હે રામ! ભયાનક આપત્તિ હોય, જંગલમાં કોઈ અટવાયું હોય - કોઈ પણ પ્રકારનો ભય હોય; એને કયારેય કષ્ટ સતાવતું નથી.

તું એની એકાગ્રપણે પૂજા કર. ત્રણ વાર જપ કરીશ તો યુદ્ધમાં વિજય મેળવીશ. આ ક્ષણે જ તું રાવણને હણી શકીશ.'

આમ કહીને ભગવાન અગસ્ત્ય જે રીતે આવ્યા હતા, તે રીતે દેવોની સાથે જતા રહ્યા.




આ બધું સાંભળીને તરત જ રામનો શોક નાશ પામ્યો. એ ખૂબ પ્રસન્ન થયા. એ સંયમી પુરુષ એકાગ્ર થયા અને સૂર્યનાં દર્શન કર્યા. હવે તે પૂરતી સ્વસ્થતાને ધારણ કરવા લાગ્યા.

એણે ત્રણ વાર આચમની લઈને પોતાના દેહને પવિત્ર કર્યો. હાથમાં ધનુષ્ય ધારણ કર્યું. એણે રાવણને જોયો. પ્રસન્નતાથી યુદ્ધ માટે પહોંચી ગયા. રાવણે બધા પ્રયત્નો કરી જોયા, પરંતુ રામ એનો વધ આસાનીથી કરી શક્યા.

રામને પોતાને તો આનંદ થયો જ, રાવણવધના સમાચારથી દેવોને પણ આનંદ થયો.જો આદિત્ય હૃદયમાં રહે; તો કોઈ પણ પ્રકારની આપત્તિ ટળી જાય, ઈષ્ટની પ્રાપ્તિ થઈ જાય.

# આર.ટી.ઈ. ૨૦૦૯ કયા રાજયને લાગુ પડતો નથી?

## આર.ટી.ઈ. (મફત અને ફરજિયાત પ્રા.શિ.કાયદો)

(૧) બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણાધિકાર બક્ષતો કાયદો કયારથી અમલમાં આવ્યો?
(અ) ૧લી એપ્રિલ ૨૦૧૦ (બ) ૧લી જૂન ૨૦૧૦
(ક) ૧લી એપ્રિલ ૨૦૧૨ (ડ) ૧લી જૂન ૨૦૧૨

(૨) શાળા પ્રવેશ દરમિયાન બાળકનો ઈન્ટરવ્યુ લેનાર શાળા કે વ્યક્તિને પ્રથમવાર ગુનો કરવા બદલ કેટલો દંડ કરવામાં આવે છે?
(અ) ૨૦ હજાર (બ) ૨૫ હજાર
(ક) ૪૦ હજાર (ડ) ૫૦ હજાર

(૩) માન્યતા વગર શિક્ષણ સંસ્થા કે શાળા ચલાવનારને ને આરટીઈ-૨૦૦૯ અંતર્ગત કેટલો દંડ થાય છે ?
(અ) ૫૦ હજાર (બ) ૭૫ હજાર
(ક) એક લાખ (ડ) બે લાખ

(૪) શાળા સંચાલન સમિતિમાં કેટલા ટકા સ્ત્રીઓને સભ્ય તરીકે રાખવાનું નક્કી થયું છે ?
(અ) ૧૦ ટકા (બ) ૨૦ ટકા
(ક) ૩૩ ટકા (ડ) ૫૦ ટકા

(૫) ધો-૧ થી ધો-૫ની શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકોનું આદર્શ પ્રમાણ કેટલું રખાયું છે ?
(અ) ૨૦ : ૧ (બ) ૩૦ : ૧
(ક) ૩૫ : ૧ (ડ) ૪૦ : ૧

(૬) ધો-૬ થી ૮ની શાળા માટે વિદ્યાર્થી-શિક્ષકનું આદર્શ પ્રમાણ કેટલું રખાયું છે?
(અ) ૩૫ : ૧ (બ) ૪૦ : ૧
(ક) ૪૫ : ૧ (ડ) ૫૦ : ૧




(૭) આર.ટી.ઈ. ૨૦૦૯ કયા રાજયને લાગુ પડતો નથી?
(અ) દિલ્હી (બ) ગોવા
(ક) પોંડીચેરી (ડ) જમ્મુ-કાશ્મીર

(૮) આર.ટી.ઈ.ની કઈ કલમ વિદ્યાર્થીઓને વર્ગમાં નાપાસ કરવાની અને શાળામાંથી કાઢી મૂકવાની બાબત પર પ્રતિબંધ મૂકે છે ?
(અ) કલમ-૫ (બ) કલમ-૧૦
(ક) કલમ-૧૩ (ડ) કલમ-૧૬

(૯) વિદ્યા સહાયકની ભરતી માટે રાજયકક્ષાની પસંદગી સમિતિના અધ્યક્ષ કોણ હોય છે ?
(અ) શિક્ષણમંત્રી (બ) કમિશનર ઓફ સ્કૂલ
(ક) પ્રાથમિક શિક્ષણ નિયામક (ડ) શિક્ષણ સચિવ

(૧૦) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યોની સંખ્યા કેટલી હોય છે?
(અ) પાંચ (બ) સાત
(ક) નવ (ડ) અગિયાર

(૧૧) જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સભ્યોની સંખ્યા કેટલી હોય છે ?
(અ) ૫ થી ૭ (બ) ૭ થી ૯
(ક) ૯ થી ૧૧ (ડ) ૧૧ થી ૧૫

(૧૨) આરટીઆઈ નિયમ મુજબ ધો-૧થી ધો-૫માં એક વર્ષમાં ઓછામાં ઓછા કેટલા કલાકનું શિક્ષણ કાર્ય જરૂરી છે?
(અ) ૭૦૦ કલાક (બ) ૮૦૦ કલાક
(ક) ૮૫૦ કલાક (ડ) ૯૦૦ કલાક

(૧૩) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ ધારાની અસરકારક અમલ માટે કેન્દ્ર સરકારને સલાહ કોણ આપે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) રાષ્ટ્રીય સલાહકાર સમિતિ
(ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) રાષ્ટ્રીય નાગરિક સમિતિ

(૧૪) ભારતમાં 'ગ્રાન્ટ ઈન કોડ' કયારથી અમલમાં આવ્યો?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૪
(ક) ૧૯૬૫ (ડ) ૧૯૭૦

(૧૫) પ્રાથમિક શિક્ષણ માટેના રાજય સલાહકાર પરિષદના ચેરમેન કોણ હોય છે?
(અ) મુખ્યમંત્રી (બ) શિક્ષણમંત્રી
(ક) શિક્ષણ સચિવ (ડ) કમિશનર ઑફ સ્કૂલ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૭ માર્ચ ૧૮૩૪ : ગોટ્ટીલ ડેઈમલર** : જર્મન એન્જીનીયર, ઓટોમોબાઈલ મેન્યુફેકચરીંગના પાયોનીયર, હાઈસ્પીટ ઈન્ટર્નલ
- **૧૭ માર્ચ ૧૭૪૧ : વિલિયમ વિધરીંગ** : ઈંગ્લીશ ફીજીશીયન, દવાઓનો ડિજીટલી સ્ટડી કરનાર
- **૧૮ માર્ચ ૧૮૮૬ : કૂર્ટ ફોક્કા** : જર્મન અમેરીકન સાયકોલોજીસ્ટ. ગેસ્ટલ્ટ સ્કૂલ ઑફ એન્જીન પર પણ સંશોધન કરનાર
- **૧૮ માર્ચ ૧૮૫૮ : રૂડોલ્ફ ડીઝલ** : જર્મન એન્જીનીયરીંગ - ઈન્ટરર્નલ કમ્બ્લશન એન્જીન, ફોર સ્ટ્રોક એન્જીન પર પણ સંશોધન કરનાર
- **૧૯ માર્ચ ૧૮૩૩ : ઈવર્ટસ ગ્રેહામ** : અમેરીકન સર્જન, ફેફશા કાઢવાનું પ્રથમ ઓપરેશન કરનાર
- **૧૯ માર્ચ ૧૮૭૬ : હર્બટ ટ્રેકર હેર** : અમેરિકન મિકેનીકલ એન્જીનીયર, એડવાન્સ સ્ટ્રીમ ટર્બાઈન ડેવલોપ કરનાર
- **૨૦ માર્ચ ૧૯૦૪ : વેલ્ટર એમ. એલ્સેર** : જર્મન - અમેરીકન ભૌતિક-શાસ્ત્રી, ઓટોમીક ફીઝીકસ પર અભ્યાસ કરનાર
- **૨૦ માર્ચ ૧૯૦૪ : બી.એફ. સ્કીનર** : અમેરીકન સાયકોલોજીસ્ટ. 'સાયકોલોજીસ્ટ પ્રમોટેટ બીહેવીયરીઝમ' પર સંશોધન કરનાર પ્રથમ મનોવૈજ્ઞાનિક
- **૨૧ માર્ચ ૧૮૮૭ : ડેવિડ કેલીન** : રશિયન-બ્રિટીશ બાયોકેમીસ્ટ. 'સાયટોક્રોમ' ના શોધક
- **૨૧ માર્ચ ૧૮૮૪ : જયોર્જ ડેવીડ બીકહોફ** : અમેરીકન ગણિતશાસ્ત્રી. 'અંગોર્ડીક થિયરી' નું ફોલ્યુલેશન કરનાર
- **૨૨ માર્ચ ૧૭૯૯ : ફેડરીચ વિલિયમ અગસ્ટ અર્ગલેન્ડર** : જર્મન ખગોળશાસ્ત્રી, તારાઓના સ્થાન અને તેની તેજસ્વીતાના આધારે કેટલોગ તૈયાર કરનાર
- **૨૨ માર્ચ ૧૭૮૮ : પીયર - જોસેફ પેલીટર** : ફ્રેન્ચ કેમીસ્ટ, આલ્કોલોઈડ કેમેસ્ટ્રી પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- **૨૩ માર્ચ ૧૯૦૦ : એરીચ ફ્રોમ** : જર્મન-અમેરીકન સાયકોલોજીસ્ટ, સોસાયટી અને સાયકોલોજીના સંબંધ પર સંશોધન કરનાર
- **૨૩ માર્ચ ૧૮૮૨ : એમી નોયધેર** : જર્મન મહિલા ગણિતશાસ્ત્રી, 'એબસ્ટ્રેક એલજીબ્રા' પર અભ્યાસ કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેનાના કયા નેતાની મેયર તરીકે વરણી કરવામાં આવી ?**

**જવાબ : વિશ્વનાથ મહાડેશ્વર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ.સાયન્સ કૉલેજ (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**મણિપુર રાજયના નવા મુખ્યમંત્રી તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) ડ (૫) બ (૬) અ (૭) ડ (૮) ક (૯) ક (૧૦) ડ (૧૧) બ (૧૨) બ (૧૩) બ (૧૪) બ (૧૫) બ

# કઈ લેબોરેટરીનો રીપોર્ટ સાચો? બંને લેબોરેટરી સાચી કે કોઈ એક ?

તારાચંદ ભાઈ સવારે ૫ વાગે ઉઠયા. કસરત કરી, યોગા કરી, સવારનો ચા નાસ્તો પતાવવા બેઠા, અને અચાનક તારાચંદ ભાઈ ને યાદ આવ્યું કે હમણા કેટલાય દિવસ થી, છાતી ના જમણા ભાગમાં દુખાવો થાય છે. ડોક્ટર ને બતાવી નક્કી કર્યું હતું કે આજે લોહી, પેશાબ અને ઝાડા ના બધાજ ટેસ્ટ કરી સાંજે કાર્ડીઓલોજીસ્ટ (હાર્ટ ના નિષ્ણાંત)ને બતાવવા જવાનું હતું. ચા નાસ્તો પડતો મુકીને તારાચંદ ભાઈ એ લેબોરેટરી માંથી વિઝીટ બોય ને બોલાવ્યો. વિઝીટ બોય ૧૦ મિનીટ માજ ઘરે આવી પહોચ્યો. તારાચંદભાઈ એ લેબોરેટરી વાળા ભાઈને પૂછયુ, ભાઈ તમારી સર્વિસ તો જોરદાર છે. બધી જગ્યાએ આટલી જડપથી જાવ છો?

લેબોરેટરી વાળા પ્રધુમન ભાઈ એ કહ્યું - હા, અમારી લેબોરેટરી ૨૪ કલાક ચાલે છે, સવારે ૬ વાગે બોલાવો કે રાત્રે ૧૨ વાગે, તો પણ અમે પ્રેમથી હાજર. તારાચંદ ભાઈ થી રહેવાયું નહિ, તો તમને એવા શું પૈસા લેબ વાળા આપે છે કે તમે તરત હાજર થાવ છો ? પ્રદ્યુમન જવાબ આપે છે — સાહેબ, હું ૧૦ મુ ધોરણ પાસ છું. લેબોરેટરી મા નોકરી રહીને જ અંગ્રેજીમા દર્દીનું નામ અને ડોકટરે લખેલા ટેસ્ટ વાચતા શીખ્યો ને લખાતા શીખ્યો. મારા સાહેબે જ મને ફ્લેબોટોમીસ્ટનો માન્યતા ધરાવતો કોર્સ કરાવ્યો. અમારે ત્યાં બધાજ છોકરાઓ આ માન્યતા ધરાવે છે. આઠ જાણાની અમારી ટીમ છે. બધાજ ગંમેતે સમયે તૈયાર હોયજ. અને લો આ મારું સર્તીફીકેટ જોઈ લો, અને હું તમને સાહેબ કહું જયારે પણ તમે લોહી તો ટેસ્ટ કરવો ત્યારે આ પ્રમાણ પત્ર જોઈ જ લેવું.




કારણ કે અમે જોયું છે કે અમારી જેમ ઘરે વિઝીટ બોય તરીકે આવતા છોકરાઓ ખાસ ભણેલા નથી હોતા. એટલે કે ૧૦ મુ કે ૧૨મું જ ભણેલા હોય છે. લેબોરેટરી વાળા સાહેબો જ અમને ભણાવે છે અને લોહી લેવાની તાલીમ આપે છે. તારાચંદ ભાઈ એ પ્રદ્યુમનને પૂછ્યું — આમાં લોહી, પેશાબ અને ઝાડો લેવામાં અગત્યની કઈ કઈ વસ્તુઓ છે જે ધ્યાન રાખવી પડે ? પહેલા તો ડોકટરે જે ટેસ્ટ લખ્યા હોય તેને ધ્યાનથી વાંચવાના, કયા સમયે લોહી લેવાનું અને ભૂખ્યા પેટે લેવાના છે કે પછી ગમે ત્યારે તે જોવાનું, અને દર્દી ભૂખ્યા પેટે છે ? કે જમીને ૨ કલાકે છે કે પછી રેન્ડમ કંડીશનમાં છે? તે પૂછવાનું. જો કે હું તો જયારે જયારે લોહી લેવા માટે ફોન આવે ત્યારે દર્દીને હું કહું કે તમે ટેસ્ટ વોટ્સેપ કરો. વોટ્સેપ જોઈને ફરી દર્દીને ફોન કરું અને એમની કંડીશન પુછી લઉ. જો ટેસ્ટ પ્રમાણે કંડીશન બરાબર હોય તો તરત પહોચી જાઉં, અથવાતો યોગ્ય સમય લઈને તે સમયે જાઉં. તારાચંદ ભાઈ એ પ્રદ્યુમનને કહ્યું સરસ તે સારી સલાહ આપી. અરે સાહેબ અમેતો પેશાબ નો ટેસ્ટ લેતી વખતે પણ બહુજ ધ્યાન રાખીએ છી એ. સવારનો પહેલો પેશાબ અને એ પણ શરૂઆતનો થોડો જવા દઈ પછી બાકીનો પેશાબ જંતુ રહિત ડબ્બી મા લઈએ છે. અમે અમારી જંતુ રહિત અને ડીસ્પોસેબલ (માત્ર એક વાર લઈ ને ફેકી દેવાની) અને પ્લાસ્ટિકમાં ડબ્બીનો જ આગ્રહ રાખીએ છીએ. ઝાડો આપવામાં તો મોટા ભાગના દર્દી આનાકાની કરતા હોય છે, અમે તો આવા દર્દી ને ખાસ ઝાડનો ટેસ્ટ આપવાનો કહીએ છે, કારણ કે સહેબ કહે છે કે ઝાડામાંથી તો ઘણું બધું જાણી શકાય છે.ઝાડનો ટેસ્ટ બહુજ અગત્યનો છે. એટલેજ અમારા બધાજ બોડી ચેકપ ના પેકેજ મા ઝાડનો ટેસ્ટ તો હોયજ અને પહેલા ઝાડો જ લેવાનો.

વાહ, આ તો પહેલી વાર ખબર પડી ! આવું તો કદી સંભયુ જ નથી. સરસ... સરસ... હવે લોહી લેવામાં શું ધ્યાન રાખવાનું? લોહી લેતા પહેલા દર્દી ની બધીજ માહિતી જેમ કે ફોન નંબર, પૂરું નામ, સરનામું, ઉમર, ટેસ્ટનું લીસ્ટ લઈ લેવાનું. જે ટ્યુબમા લોહી લેવાનું હોય તેના પર દર્દી નું પૂરું નામ અને ઉમર લખવાનાં. બધીજ તૈયારી કરીને પછી દર્દી નો હાથ જોવાનો. સારી વેઈન જોઈ લેવાની. હવે તે હાથે બેલ્ટ બંધાવાનો જેને ટુરનીકેટ બેલ્ટ કહે છે. વેઈન સારી હોય તે ભાગને IPA થી બરાબર સાફ સાફ કરીને આ નીડલ પ્રીક કરવાની. આ કયા પ્રકારની નીડલ છે?

આને વેક્યુમ ટુબ માટેની નીડલ કહેવાય. જેનથી ટુબ મા ડાયરેક્ટ લોહી આવી જાય. તેને સિરીંજ વડે ખેચ્વું ના પડે. અને વળી ટેસ્ટ માટે જરૂરી હોય તેત્લુજ લોહી આવે. તારાચંદ ભાઈ બોલ્યા આ પણ નવી પદ્ધતિ લાગે છે!! ના સાહેબ, આતો ઘણી જૂની પદ્ધતિ છે, પણ વધુ ખર્ચાળ હોવાથી માત્ર સારી અને એમાં પણ અમુકજ લેબોરેટરી વાળા વાપરે છે. આ ટ્યુબ પણ વેક્યુમ વળી હોવાથી ઘણી મોંઘી હોય છે. ટેસ્ટ પ્રમાણે CBC હોય તો EDTA એટલે કે વાદળી ધાકન વળી ટુબ મા લેવાનું અને ડાયાબીટીસ માટે ગ્રે ધાકન વાળી ટુબ મા. બાકીના કેમેસ્ટ્રી, થાઈરોઈડ, કેન્સર, હોર્મોન, વિટામીનના વગેરે ટેસ્ટ માટે લાલ કે લીલી ટુબમા લેવાનું.

અનુસંધાન પાના નં. ૭ પર